પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩ | ૧૪ માર્ચ, ૨૦૧૯, ગુરૂવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાકિસ્તાની બે યુદ્ધ વિમાન LOC નજીક દેખાયા

**ફરી એકવાર સરહદ ઉપર તંગદિલી વધારવાના પાકિસ્તાનના પ્રયાસ : ભારતે એર ડિફેન્સ સિસ્ટમને હાઈએલર્ટ કરી : સુરક્ષા મજબૂત**



પ્રતિકાત્મક તસવીર

નવીદિલ્હી, તા. ૧૩

ભારતીય હવાઈ દળ દ્વારા બાલાકોટમાં એરસ્ટ્રાઈક બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાને કલાકોના ગાળા બાદ જ ભારતીય સૈન્ય સ્થળો ઉપર હવાઈ હુમલા કરવાના પ્રયાસ કર્યા હતા. હવે અગાઉના પ્રયાસો નિષ્ફળ રહ્યા બાદ રહદ ઉપર ફરી એકવાર તંગદિલી વધારાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ પૂંચ સેક્ટર હેઠળ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં અંકુશરેખા નજીક પાકિસ્તાનના બે યુદ્ધ વિમાન નજરે પડ્યા બાદ એરડિફેન્સ સિસ્ટમને મજબૂત અને હાઈએલર્ટ કરી દેવામાં આવી છે. એરડિફેન્સ દ્વારા રડાર મારફતે એલઓસી પાર ૧૦ કિમીની હદમાં પાકિસ્તાની એરફોર્સના બે જેટ વિમાન જોવા મળ્યા હતા. આ ક્ષેત્રમાં યુદ્ધ વિમાનોનો જોરદાર અવાજ પણ સંભળાયો હતો. તમામ ભારતીય એરડિફેન્સ અને રડાર સિસ્ટમ

● અનુસંધાન પાન-૭ પર

# ચર્ચાસ્પદ રાફેલ કેસમાં સુપ્રીમમાં એફિડેવિટ રજૂ

**ફોટો કોપી થયેલા દસ્તાવેજ સુરક્ષા માટે સંવેદનશીલ : યશવંતસિંહ, અરુણ શૌરી તેમજ પ્રશાંત ભૂષણ સંવેદનશીલ સૂચનાઓ લીક કરવાના મામલે દોષિત : દસ્તાવેજો લીક થતાં વિદેશી સંબંધો પર પણ અસર**

મુંબઈ,તા. ૧૩

સનસનાટીપૂર્ણ રાફેલ પેપર લીકને લઈને સંરક્ષણ મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, આનાથી દેશની એકતા અને અખંડતા તથા સુરક્ષાની સાથે બાંધછોડ કરવામાં આવી છે. આજે રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, સરકારની મંજુર વગર રાફેલ યુદ્ધ વિમાન ડિલના સંવેદનશીલ દસ્તાવેજોની ફોટો કોપી કરવામાં આવી હતી જેને ચોરીથી ઓફિસની બહાર લઈ જવામાં આવ્યા હતા. સરકારે સુપ્રીમ કોર્ટમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકો અરજીમાં કેટલીક બાબતો માટે મંજુરી વગર સંવેદનશીલ દસ્તાવેજોની ફોટો કોપીના કાવતરા કર્યા હતા તે લોકો દ્વારા આ

દસ્તાવેજોની ચોરી કરી હતી. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે, અરજી કરનાર યશવંતસિંહા, અરુણ શૌરી અને પ્રશાંત ભૂષણ સંવેદનશીલ સૂચનાઓ લીક કરવાના મામલામાં દોષિત છે. કોર્ટને કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારના દસ્તાવેજો લીક કરવામાં આવતા વિદેશી સંબંધો ઉપર પણ પ્રતિકુળ અસર થઈ છે. એફિડેવિટમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, રાફેલ સમીક્ષા કેસમાં અરજી કરનાર લોકો દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો



રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ અતિસંવેદનશીલ છે જે યુદ્ધ વિમાનની યુદ્ધ ક્ષમતા સાથે સંબંધિત છે. મામલાની આંતરિક તપાસ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે, અરજી કરનાર લોકોએ રાષ્ટ્રીય સુરક્ષાના સંદર્ભમાં આંતરિક મંત્રણાના સંદર્ભમાં અધુરી માહિતી રજૂ કરવા માટે ગેરકાયદેરીતે મેળવેલા દસ્તાવેજો પોતાની રીતે રજૂ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં પણ બોઈંગ ૭૩૭ મેક્સ પર પ્રતિબંધ

**આઠ વિમાનને તાત્કાલિક ધોરણે પ્રતિબંધિત કરવાનો આદેશ જારી : ફ્લાઇટ પર અસર : ઇથોપિયન વિમાન દુર્ઘટના થયા બાદથી સુરક્ષાના કારણોસર નિર્ણય લેવાયો : હવે તમામ વિમાનોના સલામતી પાસા અને જરૂરી ખામીને પહેલા દુર કરાશે**

નવી દિલ્હી,તા. ૧૩

ભારતે ઈથોપિયન એરલાઈન્સ વિમાન દુર્ઘટના થયા બાદ સુરક્ષાના કારણોસર હવે અન્ય દેશોની સાથે આગળ વધીને તાત્કાલિક ધોરણે બોઈંગ ૭૩૭ મેક્સ વિમાનપર પ્રતિબંધ મુકી દીધો છે. નવા આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી આ વિમાનોના ઉડાણ પર પ્રતિબંધ રહેશે. ભારત દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આની સીધી અસર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝની સેવા પર થઈ રહી છે. સ્પાઈસની પાસે આવા આશરે ૧૨ વિમાનો છે. જ્યારે જેટ





એરવેઝની પાસે આવા પાંચ વિમાનો છે. બોઈંગ ૭૩૭ મેક્સ-૮ વિમાનો પર પ્રતિબંધ મુકવાનો આદેશ જારી કરી દેવામાં આવ્યો છે. પ્રતિબંધની અસર દેખાવવા લાગી ગઈ છે. તેમની ફ્લાઈટ પર અસર માઠી રહી શકે છે. વિમાની ભાડામાં વધારો પણ થઈ શકે છે.

જો કે સ્પાઈસ જેટ દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે કે પ્રવાસીઓને થનાર તકલીફને દુર કરવા માટે તેના દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતમાં ઉડ્ડયન કંપનીઓ તો પહેલાથી જ જુદી જુદી કટોકટીનો સામનો કરી રહી છે. આવી સ્થિતીમાં આ એક નવી સમસ્યા આવી ગઈ છે. જુદા જુદા કારણોસર કેટલીક એરલાઈન્સના કેટલાક વિમાનો તો પહેલાથી જ ઓપરેશનની બહાર છે. હાલમાં વિમાની ભાડા સામાન્ય વિમાની ભાડા કરતા ખુબ વધારે છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે બોઈંગ ૭૩૭ મેક્સ -૮ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ હવે વધુ અસર થનાર છે.

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીમાં ખાલીસ્તાની સભ્યની ધરપકડ

દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ અને ઈન્ટર બોર્ડર ગેંગસ્ટર ઈન્વેસ્ટીગેશન ટીમને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. દિલ્હીના એક વિસ્તારમાંથી ખાલીસ્તાન કમાન્ડો ફોર્સના એક ભાગેડુ સદસ્ય ગુરુસેવક ઉર્ફે બબલુની ધરપકડ કરવામાં આવી છે.

### એક્સપ્રેસવે કોભાંડમાં સીબીઆઈ તપાસ

સીબીઆઈએ રાંચી એક્સપ્રેસવે લીમીટેડના સીએમડી શ્રીનિવાસ રાવ સહિત તમામ પ્રમોટર્સ વિરૂદ્ધ ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરી દીધી છે. આ તમામ વ્યક્તિઓ પર કેનરા બેંકના નેતૃત્વવાળા બેંક સમૂહ સાથે ૧ હજાર કરોડ રૂપિયાથી વધુની છેતરપીંડી કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે.

### ભીમ આર્મીના સંસ્થાપક વારાણસીથી ચૂંટણી લડશે

ભીમ આર્મીના સંસ્થાપક ચંદ્રશેખર રાવ પીએમ નરેન્દ્ર મોદી વિરૂદ્ધ વારાણસીમાંથી લોકસભાની ચૂંટણી લડશે. આ બાબતે તેઓએ જણાવ્યુ છે કે તેઓ મોદીને આસાનીથી ચૂંટણી જીતવા નહી છે.

### જ્યોતિરાદિત્ય સિંધિયા, પ્રિયંકા ચંદ્રશેખરને મળશે

ભીમ આર્મીના પ્રમુખ ચંદ્રશેખરને આચારસંહિતા ભંગના મામલામાં મંગળવારે અટકાયતમાં લેવામાં આવ્યા હતા ત્યારબાદ તેમની તબિયત લથડતા તેમને સારવાર માટે મેરઠમાં મોકલી દેવામાં આવ્યા હતા. એની સાથે જ પૂર્વીય ઉત્તરપ્રદેશના કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી અને પશ્ચિમ ઉત્તરપ્રદેશના કોંગ્રેસ મહાસચિવ જ્યોતિરાદિત્ય સિંધિયા ચંદ્રશેખરના ખબર અંતર પુછવા મેરઠ પહોંચી ગયા હતા. લોકસભાની ચૂંટણી વચ્ચે આ મુલાકાતને લઈ રાજકીય અટકળો વધી તીવ્ર બની હતી.

# એનડીએને પૂર્ણ બહુમતિના સર્વેના આંકડાથી સટ્ટાબજારમાં તેજી

**એનડીએ ૩૦૦થી વધુ બેઠકો જીતી જશે : ત્રાસવાદી અડ્ડાઓ પર હુમલા બાદ મોદીની વાપસીની આશા વધી : ભાજપને એકલા હાથે ૨૪૧-૨૫૧ સીટ મળવા માટે સટ્ટાબજારની આગાહી થઇ : પુલવામાના હુમલા બાદ ભાજપની સ્થિતી દિન પ્રતિદિન વધારે મજબુત**

નવી દિલ્હી, તા. ૧૩

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ સટ્ટાબજારમાં ફરી એકવાર જોરદાર તેજી આવી ગઈ છે. સટ્ટા માર્કેટમાં ભાજપના નેતૃત્વમાં એનડીએની સ્થિતી ફરી એકવાર મજબુત દર્શાવવામાં આવી રહી છે. પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ જે રીતે ભારતે પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદીઓના તમામ અડ્ડાઓને હવાઈ હુમલા કરીને ફુંકી માર્યા હતા ત્યારબાદથી એનડીએની સ્થિતી મજબુત બની ગઈ છે. ભારતે જેશના ત્રાસવાદી અડ્ડાઓ પર હવાઈ હુમલા કર્યા બાદ ભાજપના નેતૃત્વમાં એનડીએની સત્તામાં વાપસી દેખાઈ રહી છે. મોટા ભાગના પોલ અને હવે સટ્ટાબજારમાં પણ ભાજપના નેતૃત્વમાં એનડીએની હાલત મજબુત થઈ ગઈ છે.

હુમલા પહેલા સટ્ટાબજારમાં બાજપને ૨૦૦-૨૩૦ સીટો મળવાની વાત કરવામાં આવી રહી હતી જો કે હવે પાર્ટીને ૨૪૫-૨૫૧ સીટ મળવાની શક્યતા દેખાઈ રહી છે. જ્યારે એનડીએને ૩૦૦ કરતા વધારે સીટો મળવાની વાત કરવામાં આવી છે. આવી જ રીતે પુલવામાં હુમલો અને ત્યારબાદ ભારતના જવાબી હુમલા પહેલા કોંગ્રેસને ૨૦૦ સીટ આપવામાં આવી રહી હતી. જેની સામે હવે તેની સીટો ઘટી રહી છે. રાષ્ટ્રવાદની લહેર ફરી એકવાર દેશમાં જોવા મળી રહી છે. સટ્ટા માર્કેટમાં ચૂંટણી સટ્ટાની સ્થિતી જોરદાર રીતે જોવા મળી રહી છથે. ત્રાસવાદના મુદ્દાને હાથ ધરવામાં એનડીએ સરકારની હિલચાલને તમામ જગ્યાએ સમર્થન મળી રહ્યુ છે. ચૂંટણી કારોબારમાં હવે રાજસ્થાનમાં ફલોદી મુખ્ય કેન્દ્ર તરીકે છે. મુંબઈ અને દિલ્હી પણ મોટા સટ્ટા બજાર તરીકે છે.

# વાડ્રાની સાથે ચોકીદારની પણ તપાસ થાય : રાહુલ ગાંધી

**ચેન્નઈની સ્ટેલા મેરિસ કોલેજમાં કોંગ્રેસ અધ્યક્ષની વિદ્યાર્થીઓ સાથે વાતચીત કાશ્મીરની બગડેલી સ્થિતિ માટે રાહુલે વાજપેયીની ખોટી નીતિને જવાબદાર ગણાવી**



ચેન્નાઈ,તા.૧૩

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી બુધવારે તમિલનાડુની રાજધાની ચેન્નઈ પહોંચ્યા. અહીં સ્ટેલ મેરિસ કોલેજમાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષે સ્ટુડન્ટ્સ સાથે વાતચીત કરી. આ દરમિયાન એક સ્ટુડન્ટે તેમને રોબર્ટ વાડ્રાને લઈને સવાલ કર્યો તો તેઓએ કહ્યું કે દેશનો કાયદો બધા પર બરાબર લાગુ થાય છે.

કોલેજના સ્ટુડન્ટ્સની સાથે અનૌપચારિક વાતચીત દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષે રાફેલ ડીલ અને તેમાં કથિત ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવતાં કહ્યું કે, હું આ કહેનારો પહેલો વ્યક્તિ હોઈશ..રોબર્ટ વાડ્રાની તપાસ કરો, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ તપાસ કરો.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીઓ કાશ્મીર મુદ્દે બોલતા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પર વિવાદિત નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, અટલ

● અનુસંધાન પાન-૭ પર

# મતદાન માટે પ્રજાને પ્રેરિત કરવા હવે મોદીનો અનુરોધ

**રાહુલ, મમતા સહિતના લીડરોને ટ્વીટર દ્વારા અપીલ**

નવીદિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભા ચૂંટણીમાં ઉંચા મતદાનની ખાતરી કરવા તમામ લોકોને પ્રેરિત કરવા ટોપના નેતાઓને અપીલ કરી હતી. મોદીએ આજે સવારે ટ્વીટર પર વિપક્ષી નેતાઓને રસપ્રદ અંદાજમાં આ અપીલ કરી હતી. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલા મોદીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, તૃણમુળ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી સહિત તમામ મોટા નેતાઓને અપીલ કરી છે. ટ્વીટમાં ટેગ કરીને લોકોને વોટિંગ માટે પ્રેરિત કરવા મોદીએ તમામને અપીલ કરી છે. મોદીએ આના માટે ફિલ્મ, રમતગમતની સાથે જોડાયેલા સ્ટાર ખેલાડીઓ અને મિડિયા જગતના લોકોને પણ અપીલ કરી છે. મોદીએ વિગતવાર રીતે તમામ મોટા નેતાઓને આવી અપીલ કરી છે. આની સાથે સંબંધિત એક બ્લોગ પણ મોદીએ તમામને મોકલીને અપીલ કરી છે. લોકસભા ચૂંટણી પહેલા લોકોને જાગૃત કરવા માટે મોદીએ અખિલેશ યાદવ, તેજસ્વી અને અન્યોને અપીલ કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે બહાર આવશે તો લોકશાહી મજબુત થશે. રામદેવ, શ્રી શ્રી રવિશંકરને પણ અપીલ કરવામાં આવી છે.

# ઓસ્ટ્રેલિયા સામે ભારતે વનડેમાં પરાજયના પગલે શ્રેણી ગુમાવી

**વિજય મેળવવા ૨૭૩ રનના લક્ષ્યને પાર પાડવામાં પણ ભારત નિષ્ફળ : અંતિમ ઇલેવનની પસંદગીને લઇ પ્રશ્નો**

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન પર આજે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત ઉપર જીત મેળવી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાએ ટ્વેન્ટી શ્રેણી બાદ વનડે શ્રેણી પણ જીતી લીધી હતી. જીતવા માટેના ૨૭૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટમ લક્ષ્યાંક સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી. આની સાથે જ વનડે શ્રેણી ગુમાવી દીધી હતી. ભારતીય ટીમ જીતવા માટેના લક્ષ્યાંકનો પીછો કરતા ૫૦મી ઓવરના છેલ્લા બોલે ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમે ૨૩૭ રન કર્યા હતા. તેની હાર થઈ હતી. ભારત તરફથી સૌથી વધારે રોહિત શર્માએ ૫૬ રન કર્યા હતા. ભારતીય ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ આજે ૪૬ રન બનાવ્યા ત્યારે ૮૦૦૦ રન પુરા કરી લીધા હતા. ૮૦૦૦ રન પૂર્ણ કરનાર તે વિરાટ કોહલી, સચિન તેંડુલકર, મહેન્દ્રસિંહ ધોની, રાહુલ દ્રવિડ, સહેવાગ, યુવરાજ અને અઝહરુદ્દીનની ક્લબમાં જોડાઈ ગયો હતો. ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયાએ રેકોર્ડ જીત મેળવી હતી. આ મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા નવ વિકેટે ૩૫૮ રન કર્યા હતા.









